# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

કરે સૌને ઉંચા-નીચા અંબાણીનો પાસે જેક છે,
ફેંકુને ટેક વડા-પદની દિસે સામે કેક છે,
ચેક છે વીતી તારીખનો અડવાણીને આવ્યો શેક -
નેક નથી એ ઇરાદામાં પણ પગલાંમાં પેક છે..

## હાઇકુ

લ્હેર અફવા,
મિડિયાના પંખાથી -
ફેલાઇ હવા..
(અંબાણી પાવરહાઉસથી)

ઉજવાય છે,
ટિકીટ ના માંચડે -
'શહીદ દિન'
(ભાજપની ભગતસિંહને અંજલિ)

## ચિંતન

***સાધુ સાધુ સબહીં બડે, અપની અપની ઠૌર । શબ્દ વિવેકી પારખી, તે માથે કે મૌર ॥***

કબીરજી આ દોહરામાં સાચા સાધુની ઓળખની ચાવી આપતાં કહે છે :

સાધુ-બાવા-સંત-બાપુઓ તો અનેક છે અને બધા જ પોતાને ધ.ધૂ.પ.પૂ. અને ૧૦૮ થી ૧૦૦૮ લખી-લખાવી - ભગવાન તરીકે પૂજાય છે. બધા જ પોતાને કોઇને કોઇ ક્ષેત્રમાં એકબીજાથી ચઢિયાતા માને છે. અને વેવલા ભક્તો તેમની આ માન્યતાને પોષે છે, તેમ તેમ બાપુઓની પોતાની પણ 'ગેરસમજ' પરાકાષ્ટાના પર્વત પર ચઢતી જાય છે.

કબીરજી બીજા ચરણમાં સાચા સાધુઓનાં લક્ષણ આપતાં કહે છે કે - સાચા સાધુમાં શબ્દ વિવેકી અને પારખી આ ત્રણ લક્ષણ હોવાં અતિ જ આવશ્યક છે -

શબ્દ : એટલે જ્ઞાન-શબ્દ ત્યારે જ અર્થપૂર્ણ કહી શકાય કે બધા જ પ્રકારનું વેદવેદાંતથી કરી બધાં જ ઉપનિષદોનું તલસ્પર્શી જ્ઞાન તો હોય પણ એ બધું જ વાસ્તવમાં-વ્યવહારમાં આત્મસાત કરી આચરણમાં - અમલ કરે.

વિવેક : સાચાં-ખોટાંની સમજ સાથે સત્યના પક્ષ સાથે હિંમતભેર, મદદરૂપ થઇ ન્યાય આપે-અપાવે.

પારખી : દંભ અને કપટ અસત્યને પારખી સાચા સજ્જન-ભક્તના હૃદયને ઓળખી તેને પ્રેરણા-પ્રોત્સાહન સાથે ઉન્નતિ તરફ લઇ જાય.

## સુવિચાર

- જબ જાન્યો નિજરૂપ કો, તબ જાન્યો સબલોક, નહીં જાન્યો નિજરૂપ કો, સબ જાન્યો સો ફોક *- દોહો*
- મિત્રવિહીન માણસ એટલે તારાવિહીન આકાશ અને પક્ષીવિહીન ઉપવન *- ફાધર વાલેસ*
- જો તમારે દુશ્મન જોઇતા હોય તો બીજાથી ચપળ થઇ આગળ ટપી જાવ, પણ જો તમારે મિત્રો જોઇતા હોય તો તેને તમારાથી આગળ થઇ જવા દો *- એસ. ભટ્ટાચાર્ય*
- પુસ્તકો વિના વિચારો નહીં, વિચારો વિના પ્રગતિ નહીં, પ્રગતિ વિના સંસ્કૃતિ નહીં *- જ્ઞાનસૂત્ર*
- યુદ્ધનો ટંકાર કર છૂટકો નથી, તું જ પહેલો વાર કર છુટકો નથી *- મકરંદ મૂસળે*
- પ્રગતિનો આંધળો વિરોધ ન કરે, પણ આંધળી પ્રગતિનો જે વિરોધ કરે તે સાચો સુધારવાદી *- ચિત્રલેખા*
- લોકો (સમાજ) જેમાં રહે છે એ સૌથી મોટી જેલ કઇ?? 'ભય..' બીજાઓ મારા વિશે શું વિચારશે એવો ભય *- બકુલ બક્ષી*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

વાલીઓ પોતાનાં બાળકનાં રસ-રૂચિ ઓળખી નથી શકતા અથવા આવકના ત્રાજવે બાળકની શક્તિને જોખે છે. વેકેશન પડ્યું નથી. 'પોતાના' અનુકૂળ સમયના તાલીમ વર્ગોમાં બાળકને ધકેલી દે છે. બાળક પણ ઘડીમાં કરાટે-કથક-નાટક-વોલીબોલ-ક્રિકેટ-વાદ્યમાં અટવાતું રહે છે.. એક નિશ્ચિત ધ્યેય સાથે એક જ દિશામાં મંડ્યા રહેવું જોઇએ.. તો જ રોશન પરિવારમાં ઋતિક અને સચીન પરિવારમાં ક્રિકેટર થાય..

પશ્ચિમ જર્મનીનો ઓગણીસ વર્ષનો વિદ્યાર્થી રાત્રે એક સ્કૂલમાં ચોકીદારી કરતો અને દિવસે શાળા-કોલેજના અભ્યાસ કરતો હતો. વિજ્ઞાનમાં અને વાચનમાં રસ હતો. પ્લેટોનું પુસ્તક 'ટાયમિયસ' (સંવાદ) નામનું - વાંચ્યું અને વર્નરને ભૌતિકશાસ્ત્રમાં રસ જાગ્યો. લેબોરેટરીની સુવિધા અને વાતાવરણ મળી રહે એટલે અભ્યાસ પછી એક લેબોરેટરીમાં આસીસ્ટંટની નોકરી લઇ લીધી.

વિદ્યાર્થીઓને મદદરૂપ થતાં થતાં જાતે પણ ફૂરસદના સમયમાં પ્રયોગો કરવા લાગ્યો અને એની ટાંચણપોથી-નોંધ કરવા લાગ્યો. આમ દસ વર્ષ સુધી ભૌતિકશાસ્ત્રના અનેક પ્રયોગ કર્યા અને એનાં તારણોનું સંકલન કરી એક પુસ્તક લખ્યું. એ 'ક્વાંટમ મીકેનીક્સ-ટર્બ્યુલન્ટ ફ્લો' જિંદગીમાં એક જ પુસ્તક લખ્યું - અને એમને 'નોબેલ પ્રાઇઝ' પણ મળ્યું.

Email - sureshchandrabhatt18@gmail.com

# સેવામંડળ, મેઘરજના સ્થાપક અને સાંપ્રત સૂત્રધારોની સેવા સરવાણી

## મોંઘેરા મોતી

*- નટવર આહલપરા*

જેમ દાન જાહેર અને ગુપ્ત હોય છે તેમ આંગળી ચીંધ્યાનું પુણ્ય પણ મહત્ત્વનું હોય છે. 'મોંઘેરા મોતી'ના નિયમિત વાચક, શુભેચ્છક વરિષ્ઠ સજ્જન બિપીનભાઇ વૈષ્ણવ (નિવૃત્ત આઇ.એ.એસ.) ગાંધીનગર દ્વારા મને ફોનથી પત્રથી અને સંસ્થા પરિચયો, વ્યક્તિ પરિચયોને મોકલીને સહયોગ સાંપડતો રહે છે.

અહીં એક સુભાષિત યાદ આવે છે.

'ઇશ્વર ભલે ધીમે ધીમે આપે પણ જે આપશે તે ઉત્તમ આપશે.'

સેવામંડળ ખરા સંત અને મનથી સેવા કરી સંસ્થાને સમૃદ્ધ કરી ગયેલા સ્થાપક સ્વ. ડો. વલ્લભદાસ પૂનમચંદ દોશીને વંદના કરીને વિગતે વાત કરીએ.

આ સંસ્થાના આદ્યસસ્થાપક અને સંચાલક સ્વ. ડો. વલ્લભદાસ દોશી માલપુર ખાતે પોતાનું દવાખાનું ચલાવતા હતા. તે અરસામાં પૂ. સંત વિનોબાજી ભૂદાનયાત્રા નિમિત્તે ગુજરાતમાંથી રાજસ્થાન જતાં પહેલાનો છેલ્લો પડાવ કસાણા ખાતે રાખેલ તે વખતે ડો. વલ્લભદાસ દોશીએ ભૂદાનયાત્રામાં સંત વિનોબાજી સાથે એક માસ જોડાયેલ અને વિચાર પરિવર્તન થતાં માલપુર ખાતેનું પોતાનું દવાખાનું બંધ કરી ત્યારબાદ કસાણા ખાતે કાર્યક્ષેત્ર બનાવી સેવા મંડળ મેઘરજ સંસ્થા દ્વારા છેલ્લા ૫૯ વર્ષથી આ વિસ્તારના લોકોના ઉત્થાનની વિવિધ પ્રવૃત્તિઓ ચાલી રહેલ છે. સ્વ. ડો. વલ્લભદાસ દોશીના નિધન બાદ તેમના પુત્ર નંદલાલ દોશી જેઓ ગુજરાત સરકારમાં એડીશનલ કમિશ્નર ઓફ ઇન્ડસ્ટ્રીઝ તરીકે વર્ગ-૧ ના અધિકારી તરીકેનો હોદ્દો ધરાવતા હતા. તેઓએ સ્વૈચ્છિક રાજીનામું મુકી હાલમાં આ સંસ્થાના સંચાલક તરીકેની કામગીરી સંભાળી રહેલ છે.

સ્વ. ડો. વલ્લભદાસ દોશીના નિધન બાદ તેમની સ્મૃતિમાં સંસ્થાએ બહાર પાડેલ 'સેવા સુવાસ સ્મૃતિ અંક'નું વિમોચન ગુજરાતના તત્કાલિન રાજ્યપાલ નવલ કિશોર શર્માના વરદ હસ્તે રાજભવન - ગાંધીનગર ખાતે કરવામાં આવેલ. તેમજ ડો. વલ્લભદાસ દોશીની સ્મૃતિમાં પૂજ્ય સંત મોરારિ બાપુ દ્વારા કસાણા ખાતે તા. ૪-૩-૦૬ દરમિયાન રામકથાનું આયોજન કરવામાં આવેલ અને રામકથા દરમિયાન મળેલ દાનની રકમના ઉપયોગથી મેઘરજ તાલુકામાં ૨૫ ચેકડેમ બનાવવામાં આવે. આ વિસ્તારમાં સંત મોરારિ બાપુ, સ્વામી સચ્ચિદાનંદજી, સંત વિનોબાજી, પૂ. રવિશંકર મહારાજ, મોરારજી દેસાઇ વગેરે સંતોએ મુલાકાત લીધેલ હોઇ કસાણાની ભૂમિ સંતભૂમિ તરીકે ઓળખાય છે.



સેવા મંડળ મેઘરજ - કસાણા સંસ્થા ૧૯૫૪થી સાબરકાંઠા (હાલ નવ રચિલ અરવલ્લી) જીલ્લાના મેઘરજ તાલુકાના અંતરિયાળ આદિજાતિ પછાત વિસ્તારમાં વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ કરી રહેલ છે.

સંસ્થા દ્વારા હાલ નીચે મુજબની પ્રવૃત્તિઓ ચાલી રહેલ છે.

(૧) શબરી ઉ.બુ. કન્યા વિદ્યાલય ધો.૯ થી ૧૨

(૨) વિશ્વવત્સલ ઉ.બુ. વિદ્યાલય ધો.૯ થી ૧૨

(૩) મુક્તિશીલા બુ. પ્રાથમિક શાળા (સ્વાયત્ત/નોન-ગ્રાન્ટેડ) ધો.૧ થી ૮ (આમ, ત્રણે સ્કૂલોમાં આશરે ૭૦૦ વિદ્યાર્થી ભાઇ-બહેનો અભ્યાસ કરી રહેલ છે.

(૪) શબરી કન્યા છાત્રાલય, ૮૦ બહેનો, રહેવા-જમવાની મફ્ત સુવિધા સાથે.

(૫) વિશ્વવત્સલ કુમાર છાત્રાલય, ૮૦ બાળકો, રહેવા-જમવાની મફ્ત સુવિધા.

(૬) સર દોરાબજી તાતા ટ્રસ્ટ હોસ્પિટલ - જેમાં વાર્ષિક ૧૫૦૦૦ દર્દીઓ લાભ લે છે.

(૭) વેશ્વાનર ગૌશાળા, જેમાં કુલ મળી ૩૦ ગાયો તથા વાછરડાંનો નિભાવ થઇ રહેલ છે.

(૮) કૂવા ઊંચા કરાવવા, તળાવ, ચેકડેમ બાંધવા.

(૯) મેડીકલ કેમ્પ, નેત્રયજ્ઞો.

(૧૦) અનાજ રાહત કેન્દ્ર, ઘાસ રાહત કેન્દ્ર

(૧૧) વૃક્ષારોપણ, વ્યસનમુક્તિ કાર્યક્રમ

(૧૨) ખેતી વિકાસ (સંસ્થાની ૧૭ એકર જમીન આવેલ છે. જેમાં સીઝન મુજબ ખેતી કરવામાં આવે છે)

ધો.૧૦ એસ.એસ.સી. બોર્ડનું સેન્ટર છેલ્લા ત્રણ વર્ષથી સંસ્થા દ્વારા મંજૂર કરાવેલ છે. બાળકો માટે કોમ્પ્યુટર કલાસીસ, સ્વરોજગારી માટે મહિલા શિવણ તાલીમ વર્ગ, બ્યુટી પાર્લર તાલીમ વર્ગ તથા અન્ય તમામ સેવાકીય પ્રવૃત્તિઓ સંસ્થા મારફથે ચલાવવામાં આવે છે અને કસાણા આજુબાજુ ૫૦ ગામોનાં લોકો આ સંસ્થાનો લાભ લઇ રહેલ છે.

સંસ્થાની પ્રવૃત્તિઓ જુદા જુદા ત્રણ કેમ્પસમાં વિસ્તરેલ છે. (૧) વિશ્વ - વત્સલ કેમ્પસ. જેમાં વિશ્વ વત્સલ વિદ્યાલય, વિશ્વવત્સલ કુમાર છાત્રાલય, મુક્તિશીલા પ્રાથમિક શાળા અને સ્ટાફ ક્વાર્ટસ, વોટર વર્કસ વગેરે ૪ એકર વિસ્તારમાં આવેલ છે. (૨) શબરી વિદ્યાલય કેમ્પસ, જેમાં શબરી કન્યા વિદ્યાલય, શબરી કન્યા છાત્રાલય, વેશ્વાનર ગૌશાળા. સેવા મંડળ મેઘરજ, સંસ્થા કાર્યાલય, મોરારિબાપુ ગેસ્ટહાઉસ, સંચાલક નિવાસ તથા સ્ટાફ ક્વાર્ટસ વગેરે ૩ એકરમાં આવેલ છે. (૩) હોસ્પિટલમાં કેમ્પસ, જેમાં સર દોરાબજી તાતા ટ્રસ્ટ હોસ્પિટલ, ઇન્ડોર વિભાગ, ડોકટર ક્વાટર્સ, સ્ટાફ વગેરે ૨ એકરમાં આવેલ છે. (૪) સંસ્થાની ૧૭ એકર ખેતીલાયક જમીન આવેલ છે. જેમાં ઋતુ મુજબના ઉત્પાદન લેવામાં આવે છે.

સારા માણસની મૈત્રી ઉત્તમ ગ્રંથની સુંદરતા જેવી છે. જેમ તેમ ઊંડો ઉભ્યાસ કરીએ, તેમ તેમાંથી વધુને વધુ આનંદ આવે છે. તેવી રીતે સારા માણસની મૈત્રી કદી વાસી થતી નથી. અને રોજ વધુને વધુ આનંદ આપે છે.

સંસ્થાનાં જુના મકાનો જેમાં ત્રણ સ્કૂલો, બે છાત્રાલયો, દવાખાનું, ગૌશાળા તથા ૨૦ સ્ટાફ ક્વાર્ટસ વગેરે ૩૫-૪૦ વર્ષ જૂનાં હોઇ, જો આ મકાનો પાડી નાખી નવા કરવામાં આવે તો કરોડો રૂપિયાનો ખર્ચ જેમાં કડીયાકામ, સુથારીકામ, ઇલેકટ્રીક કામ તથા મકાનોની અંદર વ્હાઇટવોશ અને બહારની બાજુ એશિયન પેઇન્ટસ અલ્ટીમા કલરની કામગીરી પૂર્ણ થયેલ છે. રીનોવેશન માટેનો અંદાજીત ખર્ચ રૂા. ૮૦ લાખ જેવો થાય તેમ છે. જે પૈકી આજદિન સુધીમાં રૂા. ૫૫ લાખ જેવો ખર્ચ થયેલ છે.

ગત વર્ષે સંસ્થાને મળેલ રૂા. ૪૦ લાખની રકમમાંથી આ ખર્ચ કરેલ છે. મકાનોનાં રીવોનેશન માટે રૂા. ૪૫ લાખ તથા સંસ્થાના રીપેરીંગ ખર્ચ માટે રૂા. ૨૦ લાખ મળીને આશરે રૂા. ૬૫ લાખની જરૂરિયાત છે. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં રૂા. ૧૦ લાખ જેટલી રકમ મળેલ છે. બાકીની રકમ માટે દાતાશ્રીઓનો સંપર્ક કરી રકમ મેળવવા પ્રયત્ન કરી રહેલ છીએ.

સંસ્થાને મળતા દાન '૮૦-જી' તેમજ (I.T. Act. 35/AC) હેઠળ ૧૦૦ ટકા ઇન્કમટેક્સ ફ્રી છે. સંસ્થામાં ૬૨ માણસો બધી પ્રવૃત્તિઓમાં કામ કરી રહેલ છે. આમ સંસ્થા સર્વાંગી રીતે આદિજાતિ વિસ્તારના વિકાસની કામગીરી માટે પ્રગતિશીલ છે. આમ સાબરકાંઠા (નવ રચિત અરવલ્લી) જીલ્લામાં આદિજાતી વિસ્તારના ઉત્થાન માટે છેલ્લા ૫૯ વર્ષથી કાર્યરત આ એકમાત્ર મોટી સંસ્થા છે.

આ સંસ્થાની બહુવિધ પ્રવૃત્તિઓનું વાર્ષિક ટર્નઓવર આશરે રૂા. ૧.૫૦ કરોડ જેવું થાય છે. જે પૈકી ૬૦ ટકા જેવી રકમ સરકારી ગ્રાન્ટ દ્વારા મળે છે. બાકીની ૪૦ ટકા આશરે રૂા. ૬૦ લાખ જેવી રકમ દાતાઓ પાસેથી દાનમાં મેળવી પ્રવૃત્તિઓનો નિભાવ કરવામાં આવે છે.

આમ સર્વાંગી રીતે આ આદિજાતી વિસ્તારનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે એછે. આપ આ સંસ્થાનો વિકાસ જોવા માટે એકાદવાર રૂબરૂ પધારશો તો ઘણો જ આનંદ થશે. મુંબઇના તથા ગુજરાતના દાતાઓ તથા શુભેચ્છકો પ્રફુલભાઇ વોરા, બાબુભાઇ ઝવેરી, કનુભાઇ કામદાર, વાડીભાઇ દોશી, વિક્રમભાઇ જોશી, ટોકરશી સાવલા, અજીતભાઇ દોશી, શ્રીરામ સોની, વિક્રમભાઇ શાહ, ચંદુલાલ વી. શાહ, નવનીતભાઇ ભલાવત, મહેન્દ્રભાઇ ભલાવત, પિયુષભાઇ સી. શાહ, એ.બી.પંચાલ સાહેબ, વગેરે શુભેચ્છકોએ સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધેલ છે. આપણ પણ રૂબરૂ મુલાકાત લો તેવી હાર્દિક અપેક્ષા છે.

સેવા મંડળ મેઘરજની સેવામાં જોડાવા ઇચ્છતા માટે સંપર્ક સૂત્ર :

Trust Reg.No E-79 (Sabarkantha) Estd.13-05-1654
SEVAMANDAL MEGHRAJ
At & Post : Kasana, Ta : Meghraj,
Dist : Aravalli (Sabarkantha), Gujarat-383350,
Tel. (02773) 284242, Mo. 98253 32939.
Email : nandlaldoshi@yahoo.com
Website : www.sevamandalmeghraj.com

અને અંતે એટલું જ કહીશ કે,

બીજામાં કંઇક સારૂં દેખાય ત્યારે ખુલ્લા દિલે સ્વીકારી અપનાવો.

# જીવનમાં સફળ થવા માટે કામોનું પ્લાનીંગ કરવું જોઈએ અને તેને ચોક્કસપણે સમયમાં પૂરૂં કરવું જોઈએ

## લાગણીનો મેળો

*રસિક. વાળંદ 'નિર્ઝર'*

**કામની બાબતમાં મનમાં કોઈ અવઢવ ના રહે તો મુશ્કેલ કામ પણ ધાર્યા સમયમાં પૂરૂં કરી શકાય છે**

કાલના ખ્યાલે વ્યથિત કાં અબત્તડી?
કેટલી છે આજ સુંદર, જોઈ લે.

**- કિરીટ ગોસ્વામી**

મોટાભાગે સાવ સામાન્ય રહેવાનું કોઈનેય ગમતું નથી. અન્ય કરતાં કંઈક વિશેષ હોવાનો દંભ કરવો સહુ કોઈને ગમે છે. આમ એક તરફ બીજાને દેખાડવાની વૃત્તિ તો બીજી બાજુ ચિરંજીવ - યશસ્વી એવાં અસામાન્ય કામો કરવાનું આપણું ગજુ પણ હોતું નથી...

દોસ્તો, સામાન્ય/સાધારણ કે અસામાન્ય/અસાધારણ હોવામાં માત્ર થોડોક જ ફર્ક છે. જે સાધારણ/સામાન્ય છે તે માત્ર એક ડગલું આગળ માંડી શકે એટલે તે અન્ય કરતાં અસામાન્ય દેખાય... આપણા રોજિંદા જીવનમાં જોયું હશે કે જે કંઈક કરવાનું છે તે ઉતાવળ કરી પતાવી દઈએ છીએ કાં તો જેવું કરવાનું છે તેવું ન કરતાં જેમ તેમ પૂરું કરી નાખીએ છીએ. મનમાં એવો ભાવ હોય કે આટલું કરીશું તો ચાલશે! અને વિચિત્રતા એ છે કે એ ચાલ્યુ જાય - ચલાવી લેવાય છે. કેટલાક એવાયે છે જે બસ જેટલું કરવાનું છે એટલું જ કરીને બેસી રહે છે. માત્ર કામ પતાવવાનો સંતોષ માની લેનારા... આવી મનોવૃત્તિ જ સામાન્યપણાની ઓળખ છે. આવો વર્ગ પુષ્કળ માત્રામાં આપણી ચોગમ વિસ્તરેલો છે. જે માત્ર જીવી ખાય છે!!

સંસારમાં કેટલાંક વિરલ ચરિત્રો છે જે જેટલું કામ કરવાનું છે તેના કરતાં થોડું વધારે કામ કરે છે. આમ જે છે એમાં કંઈક વિશેષ કરી છૂટવાનો આ મનોરથ એમને અસામાન્ય - અસાધારણ પુરવાર કરે છે. કામ હાથમાં લેવાની જની ઉત્સુકતા છે તે જ કામને હાવી શકે છે.... હંફાવી શકે છે. અપેક્ષા કરતાં થોડું વધારે કામ કરી છૂટવાની ધગશ ધરાવનાર વિરલ વ્યક્તિત્વથી આપણો ઈતિહાસ ઉજળો છે. આવા ચરિત્રો જ માનવસમાજને કંઈક ઉત્કૃષ્ટ આપી ગયાં છે.

આપણા ગુજરાતની વિખ્યાત નિરમા વૉશિંગ પાઉડરની કંપનીના સ્થાપક કરશનભાઈ પટેલ એનું ઉજળું ઉદાહરણ છે. ધંધાની શરુઆતના તબક્કે પાઉડર ત્તરે ત્તરે ફરીને વેચતા હતા. આજે એ નિરમા આંતરરાષ્ટ્રીય કંપની લીયર બૂધર્સની' સર્ફ પાઉડર સાથે હરિફાઈ કરે છે. અને તેનું વેચાણ કરોડોમાં પહોંચ્યુ છે. આવી વિરાટ છલાંકના મુખમાં તેના માલિકનું ગજું મોટું હતું ... તેમની હૈયા ઉકલત મોટી હતી. બીજા કરતાં આગળ નીકળઆની એમની ધગશ મોટી હતી.

આપણી આસપાસ એવાયે છે કે જેઓ નાના કામમાં શું મળે છે? એમ કહી નિસાસા નાખતા હોય છે. મનમાં એવુ ધારી બેઠા હોય છે કે કોઈ મોટું કામ કે મોટી યોજના હાથ લાધે તો ધારી સફળતા મેળવી શકીએ... આવા ખ્યાલનું કુંડાળુ રચીને પોતાની જાતને નપુંસક બનાવી દે છે. કોઈ સામાન્ય કામ આપે કે તરત જ મીંઢા થઈ સામો પ્રશ્ન કરે... 'એમાં આપણું ભવિષ્ય શું?

અરે દોસ્તો! રિલાયન્સના સ્થાપક - માલિક ધીરુભાઈ અંબાણીની જીવનકથા તો નિરમા કરશનભાઈ કરતાં વધુ પ્રેરણાસ્પદ છે. સૌરાષ્ટ્રના અંતરિયાળ ગામડાના એક શિક્ષકના વચેટ પુત્ર ભારતના પ્રથમ કક્ષાના ઉત્તોગપતિ બની શકે એ વાત કંઈ નાની સૂની નથી!!! અશક્યને શક્યમાં પરિવર્તિત કરનાર પાસે કેવો ઉત્સાહ, કુનેહ ને ધગશ હતી તે જાણવા એમના જીવનનો વિસ્તૃત અને ડો અભ્યાસ કરીએ તો સમજાય...

આત્મવિશ્વાસને આવડતનો સુભગ સમન્વય અદના આદમીને કેવો ફળે છે તેનાં આ જીવતાં ઉદાહરણ છે. અન્યો કરતાં કંઈક વધારે કરવામાં કષ્ટ પણ પડે અને અંતરાયો પણ આવે... પરંતુ આવા નિર્દંભ પુરૂષાર્થને યોગ્ય વળતર ચૂકવવામાં પૂારબ્ધ પાછું પડતું નથી!!! સામે ચાલીને કષ્ટ ઉપાડવા... કંઈક વિશેષ કરી છૂટવાની ત્તેલછામાં ગાંઠનું ઉમેરવું પડે છે... ઘસાઈ છૂટવુ પડે છે. આ એક કસોટી જ હોય છે... જેમાં વિપરીત સંજોગો ઉભા થાય ને જાતને નિરાશાનો ધક્કો પણ મારે ...છતાંય વિચલીત ન થાય અને અખૂટ આત્મબળથી ઝઝૂમતો રહે.... બધુયે દૈવ પર છોડી' નિમિત્ત માત્રની ભાવનાથી સાચા અર્થમાં પુરુષાર્થી બની' કર્મયોગ સાધે છે...બીજાએ મૂકેલ વિશ્વાસમાં ખરા ઉતરવું એ જ એમનું લક્ષ્ય હોય... જાતને કસોટીની એરણ પર મૂકી દે... એવા અટંક મરજીવા જ મોતી ને પામી શકે છે.

દોસ્તો, આ મૃત્યુલોકમાં અવતરેલ આપણે સૌ એકાંત ટાપુ પર આવી ચડેલ રોબિન્સન કુઝો જેવા જ છીએ... સારા વહાણ માટે આશા રાખીએ પ...ણ...સાથે સાથે જે કંઈ ઉપલબ્ધ છે તેમાંથી સરસ તરાપો બનાવવાનું આરંભી દેવાનું ભૂલશો નહી... કારણ મંઝિલે પહોચવાનો મકસદ આપણે ફળીભૂત કરવો છે!!!

સ્પર્શમણિ

જીવનમાં સફળ થવા માટે કામોનું પ્લાનીંગ કરવું જોઈએ અને તેને ચોકકસપણે મન દઈ પૂરું કરવું જોઈએ. કામની બાબતમાં મનમાં કોઈ અવઢવ ના રહે તો મુશ્કેલ કામ પણ ધાર્યા સમયમાં પૂરું કરી શકાય છે. હું ઘરપરિવારને પૂરતો સમય ફાળવુ છું સામાજિક મેળાવડાઓ કે પાર્ટીઓમાં જતી નથી આમ સમયની બચત થાય છે અને ધાર્યા કામો પાર પાડી શકાય છે.

**- જયંતી રવિ. (ઉચ્ચ શિક્ષણ કમિ.)**

# જાતીય ભેદભાવ પુરુષ સાથેય થાય છે

## વિચારયાત્રા

*- ડો. જય ઓઝા*

**પુરુષ માત્ર ખરાબ એવું લગભગ દરેક સ્ત્રીના મનમાં ભરાયેલું હોય છે, સ્ત્રીઓ હંમેશાં તેમની નિષ્ઠા પ્રત્યે શંકાઓ કરે ત્યારેય સમતાભાવે તે સ્વીકારતા પુરુષની પરિસ્થિતિ સમજવાની જરૂર છે, દરેક સ્ત્રી જેમ સારી નથી હોતી તેમ દરેક પુરુષ ખરાબ નથી હોતો**

જેન્ડર બાયસ એટલે કે જાતીય ભેદભાવ અંગે સતત ચર્ચા ચાલે છે ત્યારે સામાન્યપણે માની લેવામાં આવે છે કે સ્ત્રી જાતિ માટેના ભેદભાવની વાત થાય છે. આ જ રીતે એક વાર ગ્રુપમાં ચર્ચા થઈ રહી હતી ત્યારે એક મિત્રએ કહ્યું કે માન્યું કે સ્ત્રીઓ પર પિતૃસત્તાક સમાજ દ્વારા જાણે અજાણ્યે અત્યાચાર થઈ રહ્યો છે પરંતુ, અમારી પીડા એવી છે કે કહી શકાય નહીં અને સહી શકાય નહીં, કારણ કે પુરુષ છીએ. જન્મતાં જ જેમ સ્ત્રીઓ માટે નિયમો છે તેમ પુરુષો માટે પણ નિયમો છે જ. રડવાનું નહીં, અમુક જ કપડાં પહેરવાનાં. સ્ત્રીઓ પેન્ટ, શર્ટ પહેરી શકે પણ અમે સ્કર્ટ ન પહેરી શકીએ, કમાવા બહાર જવાનું જ. ઘરમાં રહીને રસોઇ ન કરી શકીએ. જયારે સ્ત્રી બહાર જઈને કામ કરી શકે... આવાં અનેક કારણો છે.

થોડુંક વિચારતાં વાત સાચી લાગે... આ કોમ્પિટિશન વધી ગઈ છે. સ્ત્રીઓ પણ સારું કમાય અને તેઓ એમનાથીય સારા કમાતા છોકરા સાથે એટલે કે જે વધુ પૈસા વાપરી શકે તેની સાથે જવાનું પસંદ કરે. મિડિયામાં કામ કરવા જાઓ તો છોકરીઓને લોકો ફેવર કરે અને હોશિયાર છોકરાનેય તેઓ નજરઅંદાજ કરે. દેખાવડી યુવાન છોકરીઓ સાથે હરીફાઈમાં હોય તો શું થાય તે કહેવાની જરૂર છે? છોકરી હોવાના ફાયદા છે જે છોકરીઓ વખત આવે ઉઠાવતી હોય છે છોકરીઓ પોતાનો બોયફ્રેન્ડ પસંદ કરી શકે જયારે છોકરાઓ માટે ગર્લફ્રેન્ડ પસંદ કરવી સહેલું નથી અને હવે તો સેકસ્યુઅલ હેરેસમેન્ટના ચાર્જીસથી ય પુરુષોને ડર લાગે.

આ બાબતે યાદ આવ્યું કે એક અંગ્રેજી અખબારમાં કેરિયર કન્સલ્ટન્ટ સૌંદર્યા રાજેશે કહ્યું હતું કે કેટલીક કંપનીઓમાં પુરુષો હવે સિનિયર પોસ્ટિંગ લેવાનો ઈનકાર કરી રહ્યા છે. ખાસ કરીને એવું પ્રમોશન કે જયાં તેમની સાથે સ્ત્રી સાથીદારો વધારે હોય. વોડાફોન, આરપીજી જેવી અનેક કંપનીઓ આજે સિનિયર હોદ્દા પરના પુરુષોને ગાઈડલાઇન્સ પ્રમાણે તેમની વર્તણૂક અંગે ફેરફારો સુચવી રહી છે. જેમ કે લેપટોપ પર કે ડેસ્કટોપ પર સ્ત્રીઓના ફોટા ન રાખવા. બોલચાલમાં કંટ્રોલ રાખવો.જાતિય ભેદભાવ પ્રદર્શિત કરતી એક પણ કોમેન્ટ ન કરવી. જેમકે તમે સારા દેખાઓ છો. શરીર ઉતાર્યુ કે વધાર્યુ વગેરે વગેરે.. ઓફિસમાં મોડું થાય તો જેન્ટલમેન બીહેવિયર દ્વારા જુનિયર મહિલા સ્ટાફને ઘરે મૂકવા જવાની કર્ટસી દર્શાવવા કરતાં ઓફિશિયલ કાર મોકલવી વગેરે ... નામ ન આપવાની શરતે એક મોટી કંપનીના સીઈઓએ કહ્યું કે એ સાચું કે પુરુષ તરીકે અમારે ગ્લાસ સીલિંગ કે ડબલ સ્ટાન્ડર્ડની ચિંતા નથી કરવી પડતી પણ હવે સેક્સ્યુઅલ હેરેસમેન્ટની ગાઈડલાઇન્સ અંગે ચિંતા જરૂર થાય છે. મહત્ત્વકાંક્ષી સ્ત્રીઓ આ કાયદાનો ઉપયોગ કરી જ શકે છે. એટલે પહેલાંની જેમ સાથે કામ કરતી મહિલાઓ સાથે દોસ્તીભાવ કે દુશ્મનીભાવ રાખવોય અમને પોસાય એમ નથી. અનેક કંપનીમાં સાથે કામ કરતી સ્ત્રીઓ પણ ગાળો બોલે... સાથે ડ્રિન્કસ પીએ.... અને હાથ લગાવીને વાતો પણ કરે. શું હવે પુરુષસમોવડી સ્ત્રીઓ સાથે વાત ન કરવી.?.. જેમ સ્ત્રીઓ અમારા ચારિત્ર્ય અંગે સતત શંકાની નજરે જુએ છે તેમ અમે પણ હવે સ્ત્રીઓની દોસ્તીને શંકાશીલ નજરે જોવા લાગ્યા છીએ. અમારી કફોડી સ્થિતિ અંગે ક્યારેક તો વિચાર કરો.

પુરુષત્વમાં પુરુષને એટલો ઢાળી દેવામાં આવે છે કે તેને રડવા માટે કે લાગણીશીલ થવા માટે એકાંત શોધવું પડે છે. તે પોતાની તકલીફોમાં રડે તોય નકામો અને દારૂ પીએ તોય નકામો જ ગણાય. પુરુષે સદાય સ્ટ્રોન્ગ જ રહેવાનું. એ ક્યારેય પોતાના ટેમ્પરને હોર્મોનલ ચેન્જમાં ખપાવી ન શકે. સ્ત્રીને મારે તો ક્રૂર અને માર ખાય તો બાયલો. કમાય તો કેટલું કમાય છે તેના આધારે તેની પુરુષતા અને સફળતાનો માપદંડ અને ન કમાય તો નકામો. જયારે સ્ત્રી કેટલું કમાય છે તેના આધારે તેનું સ્ત્રીત્વ નથી મપાતું. ઘરમાં રહેતી સ્ત્રી રસોયો રાખે, રસોઈ ન કરે તોય તેના સ્ત્રીત્વ પર શંકા નથી કરવામાં આવતી. પુરુષને ફ્રીડમ છે એવું કહેતાં પહેલાં પુરુષના પેંગડામાં પગ નાખી જોતાં સમજાય કે જાતીય ભેદભાવ બાપડા પુરુષ સાથેય થતો હોય છે પણ તેને ગણકારવામાં નથી આવતો. પુરુષ માત્ર ખરાબ એવું લગભગ દરેક સ્ત્રીના મનમાં ભરાયેલું હોય છે. સ્ત્રીઓ હંમેશાં તેમની નિષ્ઠા પ્રત્યે શંકાઓ કરે ત્યારેય સમતાભાવે તે સ્વીકારતા પુરુષની પરિસ્થિતિ સમજવાની જરૂર છે. દરેક સ્ત્રી જેમ સારી નથી હોતી તેમ દરેક પુરુષ ખરાબ નથી હોતો. પુરુષ જો સ્ત્રી સાથે પ્લેટોનિક મિત્રતા રાખવા માગશે તો મોટા ભાગે સ્ત્રીને તે મંજૂર નથી હોતું, કારણ કે પુરુષને પોતાની અંગત લાગણીઓની વાત કરવાની હોતી નથી. પુરુષે સ્ત્રીને ટેકારૂપ બની રહેવાનું હોય છે. અરે હોટેલમાં સ્ત્રી પુરુષ સાથે જાય તો બિલ ભરવાની જવાબદારી જેન્ટલમેનની.

ઓનલાઈન ગૂગલ પર ચેક કરો કે અંગત રીતે પુરુષોને તેમના પુરુષ હોવાના ડિસએડવાન્ટેજ વિશે પૂછો તો તેઓ એક વાત જરૂર કહેશે કે પુરુષ પાસેથી દરેક ત્યાગની અપેક્ષા રાખવામાં આવશે. પુરુષને થાક ન લાગે બસમાં, રેલવેમાં કે ક્યાંય પણ રાહ જોતાં. સ્ત્રીદાક્ષિણ્ય દાખવીને તેમને સીટ ઓફર કરવી પડે. કોઈપણ વિષમ પરિસ્થિતિ હોય કે યુદ્ધ હોય સ્ત્રી અને બાળકોને બચાવવાની જવાબદારી સાથે મરવાની તૈયારી પણ પુરુષોએ જ રાખવાની. ટાઈટેનિક જહાજ ડૂબ્યું તેમાં સ્ત્રીઓ લગભગ સોએક જ ડૂબી પણ પુરુષો હજારથી વધુ ડૂબ્યા હતા. અર્થાત પુરુષોને મરવાનો ભય ન લાગવો જોઈએ. તેણે મોતનેય પુરુષની માફક સ્વીકારવું જોઈએ. સ્ત્રી પુરુષસમોવડી થઈ શકે અમુક બાબતો માં પણ પુરુષ સ્ત્રીસમોવડો ન થઈ શકે. પુરુષોને ફરિયાદ છે કે સ્ત્રીદાક્ષિણ્ય માણતા સમયે સ્ત્રીઓને પુરુષસમોવડા નથી થવું હોતું. સાસુ-વહુના ઝઘડામાં પુરુષે ન પડવું હોય છતાંય ટેનિસ બોલની જેમ ફંગોળાવું પડે છે. સ્ત્રીને નારાજ કરવી પુરુષને પોસાતું નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)